# રાજ્યમાં કોરોના કેસની સંખ્યા ૩૦ હજારને પાર

## રાજ્યમાં કોરોનાના વધુ ૫૮૦ કેસ સાથે કેસ ૩૦ હજારને પાર : અમદાવાદમાં ૨૧૯ કેસ સપાટીએ આવ્યા : કોરોનાના કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૧૮ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક ૧૭૭૨ : ૬૧ દર્દીઓ વેન્ટીલેટર પર

ગાંધીનગર,તા.૨૬

રાજ્યમાં સતત બે સપ્તાહથી કોરોના પોઝિટિવના કેસ રોજના ૫૦૦ના આંકડાને કુદાવી રહ્યો છે. આજે વધુ ૫૮૦ કેસ ૨૪ કલાકમાં નોંધાતા કોરોના સંક્રમીતનો કુલ આંકડો ૩૦ હજારને વટાવી ૩૦૧૫૮ થયો છે. રાજ્યમાં આજે ૧૮ દર્દીઓના મૃત્યુ થતાં મૃત્યુઆંક કુલ ૧૭૭૨ થયો છે. રાજ્યમાં આજે ૫૯૦૧ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

રાજ્યમાં આજે ૫૩૨ દર્દીઓનો ડિસ્ચાર્જ કરાતા અત્યાર સુધીમાં કુલ ૨૨૦૩૮ દર્દીઓ કોરોના મુક્ત થઈ ડિસ્ચાર્જ થયા છે. રાજ્યમાં આજે ૬૧ દર્દીઓ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં કોરોના સંક્રમિતનો આંકડો ૨૭મી મેથી ૧૫૦૦૦ કેસથી આજે ૨૬ જુન સુધીના ૩૦ દિવસમાં બમણા થઈ આંકડો ૩૦ હજારને વટાવી ૩૦૧૫૮ થયો છે. રાજ્યમાં કોવિડ-૧૯ના લીધે અમદાવાદ કોર્પોરેશનમાં ૮, સુરત કોર્પોરેશનમાં ૩, અરવલ્લીમાં ૨, ભરૂચમાં ૨, મહેસાણામાં ૧, બનાસકાંઠામાં ૧, પાટણમાં ૧ સાથે કુલ ૧૮ દર્દીના મોત થયા હતા. આ સાથે રાજ્યમાં કોરોનાને લીધે કુલ મૃત્યુઆંક ૧૭૭૨ થયો છે.

આજે અમદાવાદ કોર્પોરેશન અને જિલ્લા સાથે ૨૧૯ કોરોના પોઝિટિવના દર્દી ઉમેરાતા અમદાવાદમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૨૦ હજારને પાર કરી ૨૦૦૫૮ થયો છે. અમદાવાદમાં મે ૨૩થી જુન ૨૬ સુધીના ૩૪ દિવસમાં કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૧૦ હજારથી વધીને ૨૦ હજારનો પાર થયો છે. અમદાવાદમાં વધુ ૮ વ્યક્તિઓના મોત થતા કુલ મૃત્યુઆંક શહેરના ૧૩૯૮ પર પહોંચ્યો છે.

સપ્તાહથી સુરત શહેરમાં કોરોના પોઝિટિવનો આંકડો રોજ સો પ્લસમાં નોંધાઈ રહ્યો છે. આજે સુરત શહેર અને જિલ્લામાં થઈ ૧૮૨ નવા કોરોના પોઝિટિવ નોંધાતા અહીં કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૪ હજારને વટાવી ૪૦૫૮ થયો છે. સુરતમાં વધુ ૩ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૪૫ થયો છે. વડોદરા શહેર અને જિલ્લામાં ૨૪ કલાકમાં કોરોનાના ૪૫ કેસ નવા ઉમેરાતા કુલ સંક્રમિતનો આંકડો ૨૦૭૪ થયો છે. જ્યારે ગાંધીનગરમાં કોરોનાના ૪ કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૬૦૬ થયો છે. રાજ્યના ૮ કોર્પોરેશન અને ૨૪ જિલ્લામાં કોરોનાના નવા પોઝિટિવ કેસ નોંધાયા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૦૦૫૮ | ૧૩૯૯ | ૧૫૨૬૧ |
| સુરત | ૪૦૫૮ | ૧૫૧ | ૨૭૩૨ |
| વડોદરા | ૨૦૭૪ | ૪૭ | ૧૪૭૩ |
| રાજકોટ | ૨૨૮ | ૦૫ | ૧૧૬ |
| ગાંધીનગર | ૬૧૬ | ૨૭ | ૪૩૧ |
| ભાવનગર | ૨૨૬ | ૧૩ | ૧૪૭ |
| કચ્છ | ૧૩૦ | ૦૫ | ૯૦ |
| મહેસાણા | ૨૩૫ | ૧૧ | ૧૩૮ |
| ગીર-સોમનાથ | ૬૭ | ૦૧ | ૪૭ |
| પોરબંદર | ૧૪ | ૦૨ | ૧૦ |
| પંચમહાલ | ૧૬૩ | ૧૫ | ૧૨૪ |
| પાટણ | ૧૬૨ | ૧૪ | ૧૦૭ |
| છોટાઉદેપુર | ૪૮ | ૦૨ | ૩૭ |
| જામનગર | ૧૮૩ | ૦૪ | ૭૮ |
| મોરબી | ૧૩ | ૦૧ | ૦૬ |
| સાબરકાંઠા | ૧૫૯ | ૦૮ | ૧૧૦ |
| આણંદ | ૧૮૨ | ૧૩ | ૧૫૭ |
| દાહોદ | ૫૭ | ૦૦ | ૪૩ |
| ભરૂચ | ૧૯૭ | ૦૮ | ૯૩ |
| બનાસકાંઠા | ૧૬૮ | ૦૯ | ૧૪૮ |
| ખેડા | ૧૩૭ | ૦૫ | ૧૦૨ |
| બોટાદ | ૮૦ | ૦૨ | ૬૨ |
| નર્મદા | ૮૨ | ૦૦ | ૩૨ |
| અરવલ્લી | ૧૮૭ | ૧૭ | ૧૫૨ |
| મહીસાગર | ૧૩૪ | ૦૨ | ૧૧૦ |
| નવસારી | ૬૮ | ૦૧ | ૩૮ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૫ |
| વલસાડ | ૮૮ | ૦૩ | ૪૭ |
| જૂનાગઢ | ૭૬ | ૦૧ | ૪૭ |
| સુરેન્દ્રનગર | ૧૧૨ | ૦૫ | ૫૬ |
| દેવભૂમિ દ્વારકા | ૨૦ | ૦૧ | ૧૫ |
| ડાંગ | ૦૪ | ૦૦ | ૦૪ |
| અમરેલી | ૫૯ | ૦૬ | ૨૫ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૩૦૧૫૮** | **૧૭૭૨** | **૧૫૨૬૧** |

## વીજબિલ માફીની જાહેરાત છતાં કંપનીનાં રાહત આપવા ઠાગાઠૈયા

### સરકારની જાહેરાત માત્ર કાગળ પર : અમને રાજ્ય સરકાર તરફથી કોઈ સુચના ન મળી હોઈ અમે હાલમાં આવી કોઈ જ માફી આપી શકીએ નહીં

ગાંધીનગર, તા. ૨૬

લોકડાઉન સમયમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને રાહત મળે તે માટે સરકાર દ્વારા ૧૦૦ યુનિટ વીજબિલ માફ કરવાની જાહેરાત કરવામાં આવી હતી, આ જાહેરાત દ્વારા કેટલા લોકોના વીજબિલ માફ થયા અને લોકોને કેટલી રાહત થઈ છે. કોરોના સંક્રમણના કારણે સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. આ લોકડાઉન ને કારણે લોકોના ધંધા- રોજગાર ઠપ્પ થઈ ગયા હતા.ગરીબ અને મધ્યમ વર્ગીય લોકોની હાલત કફોડી બની હતી. આવા સમયે કેન્દ્ર સરકાર દ્વારા ૨૦ લાખ કરોડના પેકેજની જાહેરાત કરવામાં આવી હતી જેમાં વિજકંપનીના ગ્રાહકોને વિજબીલમાં ૧૦૦ યુનિટ માફ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. વીજ ગ્રાહકો પાસે જાણવાનો પ્રયત્ન કર્યો હતો કે સરકારની જાહેરાત બાદ તમારું વીજબિલ માફ કરવામાં આવ્યું છે કે કેમ? સરકાર દ્વારા જે વીજબિલ માફ કરવાની વાત કરવામાં આવી હતી તેમાં કોઈ ગ્રાહકનું વીજબિલ હાલ માફ કરવામાં આવ્યું નથી. ગ્રાહકો તેમનું વિજબીલ ભરવા વીજ કચેરીએ પહોંચ્યા હતા અને તેઓ પોતાનું પૂરું વીજબિલ ભરી રહ્યા હતા. તેમની સાથે વાત કરતા તેઓએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા તો ૧૦૦ યુનિટ વિજબીલમાં માફીની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ અમે જયારે બિલ ભરવા ગયા હતા અને ૧૦૦ યુનિટ માફ કરવાની વાત બીલ લેતા કર્મચારીને કરી ત્યારે કર્મચારીએ ચોખ્ખા શબ્દમાં ના કહી હતી કે હમણાં અમને એવી કોઈ સૂચના આપવામાં આવી નથી. તેથી હમણાં કોઈ યુનિટ માફ કરવામાં આવશે નહીં. લોકડાઉનને કારણે નાના વેપારીઓને ભારે નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો,નાના વેપારીઓની દુકાનો અને ધંધા બંધ થઈ જવાના કારણે તેઓની હાલત કફોડી બની હતી. તેથી સરકાર દ્વારા વીજબિલમાં ૧૦૦ યુનિટ માફ કરવાની જાહેરાતને લઈ નાના વેપારીઓમાં ખુશી જોવા મળી હતી. હાલ વેપારીઓના વીજબિલ તો આવી ગયા છે પરંતુ વીજકંપનીમાં હાલ કોઈ માફી આપી રહ્યા નથી. જેથી તેઓ હાલ વિજબીલ ભરવા પણ કચેરીએ નથી જઈ રહ્યા છે. કીમ દક્ષીણ ગુજરાત વીજકંપનીના ડે.એન્જીનીયર એસવી શેખલીયાએ જણાવ્યું હતું કે હાલ તો કોઈ ગ્રાહકોના વીજબિલ માફ કરવામાં નથી આવ્યા કેમ કે અમારી પાસે સરકારનો કોઈ પરિપત્ર આવ્યો નથી. પરંતુ હવે સરકારનો પરિપત્ર આવી ગયો છે જેથી જે ગ્રાહકો હાલ વીજબિલ ભરી ગયા છે તે ગ્રાહકોને બીજા નવા વીજબિલમાં તેમને આ રકમ બાદ આપવામાં આવશે. તેથી સરકાર દ્વારા જે જાહેરાત કરવામાં આવી છે તેનો સીધો ફાયદો વીજગ્રાહકોને મળી જશે.

## ચીની વસ્તુઓનો બહિષ્કાર તો સ્ટેચ્યુ ઓફ યુનિટીનો કેમ નહીં?

### ચીનનો વિરોધ કરવા દેશભરમાં જોરદાર ઝૂંબેશ : મૂર્તિ નિર્માણ થતું હતું ત્યારે કોંગ્રેસે મેડ બાય ચાયનાનો મુદ્દો ઊછાળ્યો હતો : સરકારે આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા

રાજપીપળા, તા. ૨૬

કોરોના વાયરસ ચાઈનાએ ફેલાવ્યો છે, ગલવાન વેલીમાં ચીનના હુમલામા ભારતના ૨૦ જવાનો શહીદ થતા ભારતીય સેના અને દેશના લોકોમાં ચીન પ્રત્યે ઘણો આક્રોશ જોવા મળી રહ્યો છે. તો બીજી બાજુ અરુણાચલ પ્રદેશ પર પણ ચીનનો ડોળો છે. આ તમામ ઘટનાક્રમ મુદ્દે હાલ ભારતીયોએ ચાઈના પ્રોડકટ બોયકોટની એક મુહિમ ઉઠાવી છે અને હાલ સોશિયલ મીડિયામાં ચાઈનાના સોફ્ટવેર, ચાઈનાની વિવિધ પ્રોડકટ સામે ભારતીય સોફ્ટવેર અને ભારતીય પ્રોડકટ રજૂ કરી ચાઈના પ્રોડકટ-સોફ્ટવેરનો બોયકોટ કરવાની એક જોરદાર મુહિમ ચાલી રહી છે. લોકોએ આ મુહિમને સપોર્ટ પણ એટલો જ કરી રહ્યા છે. પણ એવા જ સમયે સોશિયલ મીડિયામાં ''મેડ ઈન ચાઈના સ્ટેચ્યુ ઓફ યુનિટી'' બોયકોટની પણ મુહિમ ઉઠતા ''સરદાર'' પ્રેમીઓઓમાં ભારે નારાજગી છવાઈ છે. ખાસ કરીને જે લોકો સ્ટેચ્યુ ઓફ યુનિટીનો પહેલેથી જ વિરોધ કરી રહ્યા છે એ લોકો હાલ સોશિયલ મીડિયામાં એક એવી પોસ્ટ વાયરલ કરી રહ્યા છે કે, હવેથી હું



આજીવન સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત નહિ લઉં કેમ કે તે મેડ ઈન ચાઈના છે, જો સહમત હોવ તો શેયર કરો. આ વાત ત્યારની છે જયારે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કાર્ય પ્રારંભિક તબક્કામાં હતું. ત્યારે કોંગ્રેસના તત્કાલીન રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અને હાલના કોંગ્રેસ કો-સાધ્યક્ષ એહમદ પટેલે એક ટ્વિટ કર્યું હતું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી તો ચાઈનાની કંપની બનાવી રહી છે એ મેડ ઈન ચાઈના છે. આ ટ્વિટ થતાની સાથે દેશભરના મીડિયામાં આ ન્યુઝે જોર પણ પકડ્યું હતું. એક તરફ સ્ટેચ્યુ ઓફ યુનિટી નિર્માણ સ્થળ પર ચાઈનાના લોકો કામ કરી રહ્યા હોય એવા ફોટા પણ જે તે સમયે વાયરલ થયા હતા. આવા જ કારણોસર હાલ સ્ટેચ્યુ ઓફ યુનિટી બોયકોટની મુહિમે જોર પકડ્યું છે.

## પાંચ હત્યાને અંજામ આપનારો ગુજરાત એટીએસના હાથે ઝડપાયો

અમદાવાદ, તા. ૨૬

આશરે ૧૧ વર્ષ પહેલા ગુજરાતમાં બનેલા પાંચ જેટલી લૂંટ વીથ મર્ડરના ગુનાના ફરાર આરોપીની ગુજરાત છ્જીએ ધરપકડ કરી છે. સુખી સંપન્ન પરિવારમાંથી આવતો આ આરોપી મોજશોખ પૂરા કરવા માટે ૨૫થી ૩૦ હજારની લાલચમાં લૂંટ અને હત્યા કરી સિરિયલ કિલર બની ગયો હતો. સુખી પરિવારમાંથી આવતા આ આરોપીને આખરે કેમ હત્યા અને લૂંટનો માર્ગ અપનાવવો પડયો તે બાબતે ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. ગુજરાત એટીએસની ટીમ ત્રણ માસથી એક બાતમીના આધારે સુરતમાં તપાસમાં હતી. દરમિયાન અસ્લમ ઉર્ફે અમન શેખ એટીએસના હાથે આવી ગયો હતો. આરોપી મૂળ બાલાસિનોરનો વતની છે. છેલ્લા ૧૧ વર્ષથી તે સુરતમા છૂપાઈને રહેતો હતો. આરોપી અસ્લમ અને તેના ૫ સાગરીતોએ મળી વર્ષ ૨૦૦૮ થી ૨૦૧૧ના સમયગાળામાં ૫ હત્યા અને લૂંટને અંજામ આપ્યો હતો. આરોપી અસ્લમ અને તેની ગેંગ ટ્રેકટર લઈને જતા લોકોને ટાર્ગેટ કરતા હતા અને લૂંટ ચલાવતા હતા. ઉપરાંત ડ્રાઈવરના હાથ પગ બાંધી જીવતો પાણીમાં નાખી હત્યા કરતા હતા. આ ગેંગે ૧૦ ટ્રેકટર, ૧૨ ટ્રોલી અને એક બાઈકની લૂંટ કરી હતી. ગુજરાત એટીએસના ડીવાયએસપી કે. કે. પટેલે જણાવ્યુ હતુ કે, અસ્લમ શેખની પૂછપરછ કરતા સામે આવ્યું કે તેના પિતા કરીમભાઈ શેખ બાલાસિનોર પાસે એક પેટ્રોલપંપ અને ટ્રેક્ટરની એજન્સી ધરાવતા હતા. પરંતુ મિત્રોના રવાડે ચડેલા અસ્લમે કોઠંબા, દેહગામ, મોડાસા અને છોટાઉદેપુર ખાતે હત્યા અને લૂંટને અંજામ આપ્યો હતો. ઉપરાંત ગુનાની દુનિયા છોડયા બાદ અસ્લમ હિન્દુ બનીને ૧૧ વર્ષથી રહેતો હતો. લાલાભાઈ કમલેશભાઈ પટેલના નામથી સુરતના વેસુ વિસ્તારમાં રહેતો હતો અને ખાનગી હૉસ્પિટલમાં નોકરી કરતો હતો. હૉસ્પિટલમાં નોકરી દરમિયાન તેણે એક હિન્દુ યુવતી સાથે લગ્ન પણ કર્યા છે અને ત્રણ બાળકો પણ છે. વર્ષ ૨૦૧૧માં છેલ્લી હત્યા અને લૂંટ ચલાવ્યા બાદ અસ્લમ પહેલા અજમેર, ગોવા અને બાદમાં સુરત આવી સ્થાયી થઈ ગયો હતો. શામળાજી હાઈવે પર એક હત્યાના ગુનામાં તેના સાથીદારો ઝડપાઈ જતા તે ગોવા ગયો હતો અને ત્યાં એક હોટલમાં નોકરીએ લાગી ગયો હતો.

### ૨૦૦ને પાર...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોન્ટ્રાકટરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે આ કોન્ટ્રાકટર છેલ્લા ત્રણ મહિનાથી વતનમાં જ હતો પરંતુ અહિ આવ્યા બાદ તેનો ટેસ્ટ કરાતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

આ દર્દીના પરિવારના એક સભ્યને હોમ ક્વોરોન્ટાઈન કરી અને દર્દીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે. સે. ૧૬ માંથી એક ૨૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. હાઉસ વાઈફ તરીકે રહેતી આ મહિલા કેવી રીતે સંક્રમિત થઈ તે જાણવા મળી શક્યુ નથી. આ મહિલાના પરિવારના ત્રણ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. આ મહિલા દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨૭ ડીએસપી ઓફિસ ક્વાર્ટરમાંથી એક ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા અગાઉ સંક્રમિત થયેલ પરિવારની જ હોવાનું જાણવા મળેલ છે. આ મહિલા દર્દીને તંત્ર દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. સે. ૫ માંથી એક પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી અમદાવાદમાં દાખલ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. શહેરમાં કોરોનાના ૨૦૧ કેસ નોંધાતા તંત્રની ચિંતામાં વધારો થયો છે. જોકે મોટાભાગના કેસો લોકલ ટ્રાન્સમિશનથી જ થયા હોવાનું તેમજ અમદાવાદ કનેકશન વધારે જણાયુ હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

### ગાબડું...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભયજનક સ્થિતિ નિવારવા માટે જોખમી ગાબડા પુરવાનુ કામ શરૂ કરવુ જોઈએ. તુટેલી ચેમ્બરને યોગ્ય ઢાંકણ લગાવવા માટે પણ સર્વે કરવો જોઈએ. જેથી આગામી વરસાદી દિવસોમાં નાગરિકોને હાલાકી વેઠવી ન પડે એકબાજુ કોર્પોરેશને નવા કામ કરવાનુ તો દુર પણ જે સુવિધાઓ ઉપલબ્ધ છે તેને પણ રફેદફે કરી દીધી છે. નગરની ફુટપાથ, માર્ગો પર લાઈનના ખોદકામ કરીને ડગલે ને પગલે દુવિધાઓ ઉભી કરવામાં કાંઈ બાકી રાખ્યુ નથી જેના લીધે માર્ગ મકાન વિભાગ માટે પણ શિરદર્દ ઉભો થયો છે. આવા સંજોગોમાં નાગરિકો માટે સમસ્યા પેચીદી બની રહી છે.

### લોકાર્પણ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યા છે. આ કોલોનીના દરેક યુનિટમાં ૬૯.૮૦ ચોમી બિલ્ટ અપ એરિયા અને ૫૯.૪૯ ચો મી નો કારપેટ એરિયા ઉપલબ્ધ છે. જયારે દરેક યુનિટમાં ડ્રોઈંગરૂમ , બેડરૂમ, સ્ટડીરૂમ, કિચન, બાથરૂમ, ટોયલેટ, વોશ એરિયા અને બાલ્કનીનો સમાવેશ થાય છે. દરેક બ્લોકમાં બે લીફટની જોગવાઈ પણ કરવામાં આવી છે. આ ઉપરાંત આંતરિક સી સી રોડ, પાર્કીંગ, કોમન પ્લોટ તેમજ બગીચાનુ પણ નિર્માણ કરાયુ છે. પાણીની સુવિધા માટે અંડર ગ્રાઉન્ડ સંપ, બોર, રેઈન વોટર હારવેસ્ટીંગ સિસ્ટમ અને ફાયર ફાઈટીંગ સિસ્ટમ સહીતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. આજે વીર સાવરકરનગરના ૧૧ લાભાર્થીઓને મકાનના હુકમો એનાયકત કરવામાં આવ્યા હતા. જયારે આજથી જ આ લાભાર્થીઓ પરિવારજનો સાથે રહેવા આવી શકશે. વધુમાં તેમણે જણાંવ્યુ હતુ કે શહેરમાં ૮૪૦ થી વધુ સરકારી આવાસોના નિર્માણ માટેના કામો પ્રગતિ હેઠળ છે જે આગામી ડિસેમ્બર અંત સુધી પુર્ણ થવાની શક્યતા છે.

અમદાવાદ ખાતે ૧ હજાર જેટલા કવાર્ટસનુ ઉદઘાટન કરીને કર્મચારીઓને સોંપી દેવામાં આવ્યા છે. જયારે અમદાવાદ શહેરમાં ૩૩૦ કવાર્ટસના કામ પણ પ્રગતિ હેઠળ છે. રાજયમાં વિવિધ જિલ્લામાં તાલુકા કક્ષાએ પણ સરકારી કર્મચારીઓને આવાસની સુવિધા મળી રહે તે માટે નવા આવાસોના નિર્માણની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. તે પણ ટુંક સમયમાં પુર્ણ કરીને કર્મચારીઓને ફાળવી અપાશે. વીર સાવરકર નગરના લોકાર્પણ પ્રસંગે મેયર રીટાબેન પટેલ, માર્ગ મકાન વિભાગના સચિવ એસ બી વસાવા, કાર્યપાલક ઈજનેર એમ આર શાહ, કેતન રાવત , સહીતના વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ૧૬ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવેલ છે. બોરીસણા ગામેથી પણ વધુ એક કેસ કોરોના પોઝીટીવનો મળી આવ્યો છે. અર્બન-૨ વિસ્તારમાંથી ૩ દર્દીઓ મળ્યા છે તો અર્બન-૧ માંથી ૨ દર્દીઓ મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકામાંથી ૬ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે કોબા, અડાલજ, પોર, સુઘડ, રાયસણ અને સરઢવમાંથી આ કેસ મળી આવેલ છે. ગાંધીનગર તાલુકાના કોબા ગામેથી એક ૩૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત અડાલજમાંથી ૫૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

પોર ગામેથી એક ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સુઘડમાંથી પણ એક ૩૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત સરઢવના ત્રિભુવનદાસ પાર્કમાંથી એક ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તો રાયસણમાંથી એક યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવતીનો રિપોર્ટ ખાનગી લેબોરેટરીનો ટેસ્ટમાં પોઝીટીવ કોરોના જણાયો છે. આ બન્ને કેસ ખાનગી લેબોરેટરીમાંથી પોઝીટીવ આવ્યાનું જાણવા મળેલ છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૧૪,૯૦૦ લોકોને ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના વધુ ૭ દર્દી રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

### પેટાચૂંટણી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાદમાં હમણાં જૂનમાં વધુ ત્રણ કોંગ્રેસી ધારાસભ્યોએ રાજીનામા આપ્યાં જેમાં કપરાડાના જીતુભાઈ ચૌધરી, કરજણના અક્ષય પટેલ અને મોરબીના બ્રિજેશ મેરજાનો સમાવેશ થાય છે. કોંગ્રેસના ધારાસભ્યોએ રાજીનામાં આપતાં ખાલી પડેલી આઠ બેઠકો માટે સપ્ટેમ્બર મહિનામાં પેટાચૂંટણી યોજાઈ શકે છે. જુલાઈના પ્રથમ સપ્તાહમાં આ પેટા ચૂંટણીઓની તારીખોની જાહેરાત થઈ શકે છે. ગુજરાતનું ચૂંટણી પંચ ચૂંટણીની તૈયારીમાં લાગી ગયું છે પણ અત્યારે કોરોનાના ખતરાને કારણે આખરી નિર્ણય કેન્દ્રીય ચૂંટણી પંચ જ લેશે.

### ચાર્જ સંભાળ્યો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ સફાઈને લગતી કામગીરી જોવાની રહેશે. પેથાપુર નગરપાલિકાની તમામ કામગીરી અંગે ચાર્જ અધિકારી તરીકે મદદનીશ મ્યુનિ. કમિશ્નર સિંઘાઈને જવાબદારી સોંપવામાં આવી છે.

ઝુંડાલ-ખોરજની તમામ કામગીરીનો ચાર્જ ઉપેન્દ્રભાઈ સુતરિયા ટેક્ષ ઓફિસરને, સુઘડ, નભોઈ, અમિયાપુર, ભાટ, કોટેશ્વરનો ચાર્જ હાઉસ ટેક્ષ ઓફિસર કૌશિકભાઈ સોનીને, વહીવટી અધિકારી સંજયભાઈ શાહને વાવોલનો ચાર્જ, જુનિ. ટાઉન પ્લાનર શ્રીમતી શ્રીદેવી પટેલને સરગાસણ, કુડાસણ, વા. હડમતિયા, પોર અને અંબાપુરનો ચાર્જ, પેરેઝ ક્રિશ્ચિયન જુનિ. ટાઉન પ્લાનરને રાંદેસણ, રાયસણ, કોબાનો ચાર્જ, મૌલિક પટેલ વેટરનરી ઓફિસરને રાંધેજાનો ચાર્જ, પાર્થ ચૌધરી વેટરનરી ઓફિસરને કોલવડાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

આ અધિકારીઓએ દૈનિક રિપોર્ટ કમિશ્નરને આપવાનો રહેશે. મનપા તંત્ર દ્વારા હવે આ ગામોમાં કેવી રીતે આગળ વધવું અને લોકોને કેવી રીતે સરળતાથી સેવાઓ ઉપલબ્ધ બને તે માટે આખો અલાયદો રોડમેપ તૈયાર કરાશે. પંચાયતના કર્મચારીઓ ૧ કે ૨ મહિના જ આ અંગેની કામગીરી સંભાળશે.

### સમર્થન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોમ્પિયોએ કહ્યું કે અમે નક્કી કરીશું કે અમારી તૈનાતી એવી હોવી જોઈએ કે પીએલએનો સામનો કરી શકે. અમને લાગે છે કે આ અમારા સમયનો પડકાર છે અને અમે ખાતરી કરીશું કે અમારી પાસે તેને ઉકેલવા માટે તમામ સંસાધન યોગ્ય જગ્યા પર ઉપલબ્ધ હોય. તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્દેશો પર સૈનિકોની તૈનાતીની સમીક્ષા કરવામાં આવી રહી છે અને આ યોજના અંતર્ગત અમેરિકા, જર્મનીમાં સૈન્યની સંખ્યા ૫૨ હજારથી ઘટાડીને ૨૫ હજાર કરી રહ્યા છે. પોમ્પિયોએ કહ્યું કે સૈન્યની તૈનાતી જમીની વાસ્તવિકતા પર આધારિત હશે. તેમણે કહ્યું કે કેટલીક જગ્યાએ અમેરિકન સંસાધનો ઓછા રહેશે. કેટલાંક અન્ય જગ્યાઓ પર રહેશે. મેં હમણાં જ ચીની કમ્યુનિસ્ટ પાર્ટીના ખતરાની વાત કરી છે, તેથી હવે ભારતને ખતરો છે, વિયેતનામ ને ખતરો છે, મલેશિયા, ઈન્ડોનેશિયાને ખતરો છે, દક્ષિણ ચીન સમુદ્રની સામે પડકારો છે. યુ.એસ.એ જોખમોને જોયા છે અને સાયબર, ઈન્ટેલિજન્સ અને સૈન્ય જેવા સંસાધનો કેવી રીતે વહેંચવા તે સમજ્યા છે.

### યુદ્ધાભ્યાસ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

લદ્દાખના લેહ વિસ્તારમાં ભારતીય સેના અને વાયુ સેનાના મોટો યુદ્ધાભ્યાસમાં ભારતીય સેનાના સુખોઈ-૩૦ એમકેઆઈ અત્યાધુનિક લડાકુ વિમાન ભાગ લઈ રહ્યા છે. સાથે જ સેનાની રાસન સહિતની સામગ્રી અને સૈનિકોને ઝડપથી એક જગ્યેથી બીજી જગ્યાએ લઈ જવા માટે હરકયુલીસ અને અલગ અલગ માલવાહક વિમાન પણ ભાગ લઈ રહ્યા છે. આ યુદ્ધાભ્યાસમાં ચીનુક હેલીકૉપ્ટર, સૈં-૧૭ હેલીકૉપ્ટરે પણ ભાગ લીધો હતો. યુદ્ધાભ્યાસ દરમ્યાન સુખોઈ -૩૦એ આકાશમાં ઘેરો બનાવ્યો, ત્યારબાદ, સેનાના માલવાહક વિમાન રાશન સહીત ટોપ, સૈનિકોને એક જગ્યેથી બીજી જગ્યાએ લઈ જવાનું કોર્ડિનેશન બતાવ્યું હતું. એલએસી પર તણાવ વચ્ચે ભારતીય સેનાનો આ યુદ્ધાભ્યાસ ખુબ જ મહત્વનો માનવામાં આવે છે. જાણવા મળે છે કે સેનાનો આ અભ્યાસ સતત ચાલતો રહેશે. ગત દિવસોમાં ચીની સેનાના અભ્યાસનો વિડીયો પણ સામે આવ્યો હતો.

### પાણી રોક્યું...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સામે આ મુદ્દો ઉઠાવે અને ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને ઉકેલ લાવવાનો પ્રયત્ન કરે. થિંપુમાં ભૂતાન સરકારના સમાચાર પત્રના સંપાદક તેંજિંગ લાંગસાંગે સમગ્ર મામલે વિવાદિત નિવેદન આપતા કહ્યું કે ભૂતાને ભારત તરફ જતુ સિંચાઈનું પાણી અટકાવી દીધું છે. દર વર્ષે ભૂતાન આસામમાં જતુ પાણી અટકાવી દે છે જેથી તેઓ સિંચાઈ માટે કેટલું પાણી જમા કરી શકે પરંતુ આ વર્ષે નહેરને સીલ કરી દેવામાં આવી છે. બીજું કે ભૂતાન સરકારે કોરોનાનો હવાલો આપ્યો છે.

### દેશમાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આરોગ્ય વિભાગના સૂત્રોએ કહ્યું કે, દેશમાં આજે શુક્રવારે સવારે ૮ વાગે પૂરા થયેલા છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના રેકોર્ડબ્રેક સમાન ૧૮,૧૯૪ નવા કેસ સામે આવ્યા હતા. અને ૪૦૭ લોકોના મોત થઈ ગયા છે. કેસનો કુલ આંકડો હવે ૪.૯૧ લાખ પર પહોંચી ગયો છે. અને જે રીતે રોજ ૧૫ હજારની આસપાસ કેસો આવી રહ્યાં છે તે જોતાં આવતીકાલે કોરોનાના કેસો ૫ લાખને પાર થઈ જશે. આ સાથે જદ છેલ્લાં ૫ દિવસમાં અંદાજે ૮૦ હજાર દર્દી વધ્યા, જેમાંથી ૫૦ હજાર માત્ર દિલ્હી, મહારાષ્ટ્ર અને તમિલનાડુમાંથી નોંધાયા છે. આ સાથે જ દેશમાં અત્યાર સુધી કોરોના સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૪,૯૧,૧૩૬ થઈ ગઈ છે.

### સફળતા મળે છે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈચ્છે તો પણ મદદ કરવામાં અસમર્થ છે. પીએમ મોદીએ કહ્યું કે અમને ખબર નથી કે આ રોગમાંથી ક્યારે મુક્તિ મળશે, તેની એકમાત્ર દવા બે ગજની દૂરી છે. દરમિયાન, અમારી સરકારે ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન શરૂ કર્યું છે, આ અંતર્ગત યુપીના સ્વાવલંબન અભિયાન ચાલુ છે. પીએમએ કહ્યું કે યોગીજીએ આપત્તિને તકમાં પરિવર્તિત કરી છે, તેનાથી લોકોને ઘણો ફાયદો થશે.

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે કટોકટી દરમિયાન જે હિંમત કરે છે તેને સફળતા મળે જ છે. આજે જ્યારે વિશ્વ કોરોનાના સંકટનો સામનો કરી રહ્યું છે ત્યારે યુપીએ તેમાં હિંમત દર્શાવી છે, તે વખાણવામાં આવી રહી છે. આપણે યોગી સરકારની અનુગામી પેઢીઓને યાદ રાખશે. પીએમ મોદીએ કહ્યું કે યુપી પર ધ્યાન કેન્દ્રિત કરવું પણ મહત્વપૂર્ણ છે કારણ કે યુપી ઘણા દેશો કરતા મોટું છે.

### રસીનું ટ્રાયલ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

લડવા માટેનું હથિયાર હશે. નોવેલ કોરોનાવાયરસને કારણે અત્યાર સુધીમાં વિશ્વમાં લગભગ ૫ લાખ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે ૯૫ લાખથી વધુ લોકો તેની ઝપેટમાં છે. વિશ્વના ૨૦૦ થી વધુ દેશોમાં કોરોનાવાયરસમાં ફેલાયો છે. અમેરિકા, બ્રાઝિલ અને રશિયા પછી ભારત સૌથી વધુ અસરગ્રસ્ત દેશ છે, જેમાં સૌથી વધુ કોરોના ચેપગ્રસ્ત દર્દીઓ છે. અહેવાલના અનુસાર બ્રિટનમાં આગામી તબક્કામાં, ઝઉઁછર્દ્રંટ૧હર્ઝફ-૧૯ નામની આ રસી બ્રિટનમાં ૧૦,૨૬૦ પુખ્ત વયના અને બાળકોને આપવામાં આવશે અને જો આ પરીક્ષણ સફળ રહ્યું તો, ઓક્સફર્ડ આ વર્ષના અંત સુધીમાં કોવિડ -૧૯ રસી શરૂ કરી શકે છે. ભારતે આંતરરાષ્ટ્રીય વેક્સીન ગઠબંધન ગાવીને ૧૫ મિલિયન ડોલર ઓક્સફર્ડના વડા પ્રોફેસર એન્ડ્ર્યુ પોલાર્ડે કહ્યું કે ક્લિનિકલ ટ્રાયલ ખૂબ સારી રીતે પ્રગતિ કરી રહી છે અને હવે અમે તે શોધવાની કોશિશ કરી રહ્યા છીએ કે આ રસી વૃદ્ધોને કેટલી અસર કરે છે. આ અઠવાડિયામાં બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકામાં પણ રસીની અજમાયશ શરૂ થઈ છે. ચીની કંપનીને કોવિડ -૧૯ રસીના માનવીય પરીક્ષણો શરૂ કરવાની મંજૂરી મળી છે.